હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તું પાતળી હતી ત્યારે ટેડી આપવાનું બરાબર હતું... અત્યારે ટેડી આપવાની જરૂર મને નથી લાગતી...!!

વાત-વાતમાં.....

- સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં શાકભાજીના ભાવો નીચા રહેતા હોય છે પરંતુ ગત ચોમાસામાં સર્જાયેલી વિષમ પરિસ્થિતિના પગલે આ વર્ષે સમગ્ર શિયાળા દરમ્યાન શાકભાજીના ભાવો ઊંચા રહેવા પામ્યા હતા. જોકે ઢળતા શિયાળે હવે કોબીજ, ફલાવર અને ટામેટાંની આવક વધતા ભાવો ગગડી જવા પામ્યાં છે જેનો ગૃહિણીઓને આનંદ છે પરંતુ ખેડૂતઆલમમાં રોષ જોવા મળી રહ્યો છે.
- શહેરમાં વસંતઋતુના પગલે અનેક વૃક્ષો પર રંગબેરંગી ફુલો ખીલેલા જોવા મળી રહ્યાં છે પરંતુ તે સાથે સાથે પાનખરની અશર પણ શરૂ થઈ ચુકી હોવાથી અનેક વૃક્ષો પરથી સતત પાંદડા ખરી રહ્યાં છે. શહેરના સેક્ટર-૧૯ જેવા ઘનઘોર વનરાજી ધરાવતા સેક્ટરોમાં મોટા અધિકારીઓના આંગણામાં વૃક્ષોના ખરેલાં પાનના ઢગલાંને બર્મુડા પહેરાલા અધિકારીઓ સવારે સાવરણો લઈને વાળતા હોય તેવા દૃશ્યો પણ જોવા મળી રહ્યાં છે.
- વેલેન્ટાઈન્સ ડે ઢૂકડો આવી રહ્યો છે જેનો ઉત્સાહ યુવા વર્ગમાં અત્યારથી સોશ્યિલ મિડીયા પર દેખાઈ રહ્યો છે. વળી, શહેરની કોલેજોમાં વેલેન્ટાઈન્સ ડે પૂર્વે આવતા રોઝ ડે, ચોકલેટ ડે, પ્રપોઝ ડે, હગ ડે વગેરે પણ યુવાવર્ગ દ્વારા વિવિધ રીતે ઉજવવામાં આવી રહ્યાં છે.

ગાંધીનગરમાં શ્રમજીવીઓ મોટી સંખ્યામાં વસવાટ કરે છે. સેકટર-૬ અને સેકટર-૭ના ખુલ્લા વિસ્તારમાં ઝુંપડા બાંધીને ઘણા શ્રમજીવીઓ રહે છે તેઓ ઈંધણ માટે લાકડાંઓ પર જ આધાર રાખે છે. સેકટર-૭માં શ્રમજીવી યુવાન જોખમી સુકા વૃક્ષનું થડ પાડતો નજરે ચઢે છે.

રાજ્યમાં સાડા સાત લાખથી વધુ મતદારો વધ્યા

મતદારયાદી સુધારણા કાર્યક્રમ હેઠળ ૧૮ વર્ષની વયજુથના ચાર લાખથી વધુ મતદારોનો મતદારયાદીમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૦

ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. વાંધા-સૂચનો બાદ ૭મી ફેબ્રુઆરીના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

અધિક ચૂંટણી અધિકારી અશોક માણેકે જણાવ્યું છે કે નવી યાદી મુજબ રાજયમાં ૭,૬૯,૩૮૨ નવા મતદારો નોંધાયા છે તે પૈકી ૧૮-૧૯ વર્ષની વયજુથના કુલ ૪,૨૭,૮૨૯ યુવાઓની મતદાર તરીકે પ્રથમ વખત નોંધણી કરવામાં આવી છે. આખરી સ્થિતિ અનુસાર રાજ્યમાં કુલ ૪,૬૦,૨૦,૪૫૮ મતદારો નોંધાયા છે.

ગુજરાત રાજ્યના તમામ વિધાનસભા મતવિભાગો માટે તા. ૧-૧-૨૦૨૦ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા તા. ૧૬-૧૨૧૯ના રોજ મતદારયાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરીને, તા. ૧૫-૧-૨૦૨૦ સુધી નાગરિકો/મતદારો તરફથી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવી હતી.

આ કાર્યક્રમનાં વ્યાપક પ્રચાર-પ્રસાર તથા જાણકારી અર્થે રાજ્ય સ્તરે તથા જિલ્લાસ્તરે માન્ય રાજકીય પક્ષો સાથે બેઠકો યોજવામાં આવેલ. તેમજ પ્રિન્ટ તથા વિજાણું માધ્યમો, સોશીયલ મીડીયા, વગેરે મારફતે જાગૃતિ અર્થે વ્યાપક પ્રયાસો કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન તા. ૨૨-૧૨-૧૯, તા. ૫-૧-૨૦૨૦ અને તા. ૧૨-૧-૨૦૨૦ એમ કુલ-૩ રવિવારનાં દિવસોએ ખાસ ઝુંબેશ યોજીને સંબંધિત મતદાન મથકો ખાતે પણ ફોર્મ્સ સ્વિકારવાની વ્યવસ્થા કરવામાં આવેલ. નાગરિકો/મતદારો તરફથી રજૂ થયેલાં હક્ક-દાવા અને વાંધા અરજીઓનો સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા નિયમાનુસાર આખરી નિર્ણય કરીને રાજ્યમાં સમાવિષ્ટ તમામ ૧૮૨ વિધાનસભા મતવિભાગોની મતદારયાદીની તા. ૭-૨-૨૦૨૦ના રોજ આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે.

મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારમા દરમ્યાન મળેલ હક્ક-દાવાઓ અને વાંધા અરજીઓનો નિકાલ કરી સ્વીકૃત થયેલ હક્ક-દાવાઓ અને વાંધા અરજીઓની અસર સાથેની પુનઃ મુદ્રિત મતદારયાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ (https://www.ceo.gujarat.gov.in) પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

મતદાયદારીમાં પ્રથમ વખત નોંધાયેલાં મતદારોને બુથ લેવલ ઓફિસર મારફત વિનામૂલ્યે ઘરે પહોચાડવામાં આવશે.

સ્થળાંતર થયેલ/વિગતોમાં સુધારો થયેલ છે તેવા મતદારો સુધારેલી વિગતો સાથેનું મતદાર ફોટો ઓળખકાર્ડ મામલતદાર કચેરી/કલેક્ટર કચેરી સેવા કેન્દ્ર ખાતેથી નિયત ફી ભરીને મેળવી શકાશે.

મતદાર ફોટો ઓળખકાર્ડ ધરાવનાર મતદારનું નામ પ્રવર્તમાન મતદારયાદીમાં સમાવિષ્ટ હશે તો જ સંબંધિત ચૂંટણીમાં મતદાન કરી શકશે. જેથી મતદારયાદીમાં નામ સમાવિષ્ટ થયેલ હોવા અંગે ચકાસણી કરી લેવા સર્વે નાગરિકો/મતદારોને અનુસોધ કરવામાં આવે છે.

મતદારયાદીની તા. ૭-૨-૨૦૨૦નાં રોજ કરવામાં આવેલ આખરી પ્રસિદ્ધિ બાદ પણ તા. ૧-૧-૨૦૨૦ની લાકાતની તારીખનાં સંદર્ભમાં ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા લાયકાત ધરાવતા યુવા નાગરિકો તથા મતદારયાદીમાં નોંધણી માટે લાયકાત ધરાવતા બાકી રહેલ તમામ નાગરીકો ''સતત સુધારણા'' હેઠળ મતદારયાદીમાં નામ દાખલ કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીને નિયત નમૂનામાં અરજી કરી શકે છે. ઉપરાંત, પ્રવર્તમાન મતદારયાદીમાંથી નામ કમી કરવા, ફોટો/વિગતમાં સુધારો કરવા, એક જ વિધાનસભા મતવિભાગ હેઠળ સ્થળ ફેરફાર માટે નિયત નમૂનામાં અરજી કરી શકે છે. ઉપરાંત્ુ.હ્રૂજૈ.હ પર જઈને ઓનલાઈન ફોર્મ પણ ભરી શકાશે.

રાષ્ટ્રીય કક્ષાની માસ્ટર ગેમ્સ હેન્ડબોલમાં ગુજરાતની ટીમને ગોલ્ડ મેડલ

તાજેતરમાં વડોદરા ખાતે ત્રીજી નેશનલ માસ્ટર્સ ગેમ્સ રમાઈ હતી જેમાં હેન્ડબૉલની રમતની સ્પર્ધામાં ગુજરાતની વરિષ્ઠ વયની મહિલા ટીમે ગોલ્ડ મેડલ જીત્યો છે. ફાઈનલમાં ગુજરાતની મહિલા ટીમે કેરળની ટીમને ૯-૫ થી હાર આપી હતી. ત્રીજી નેશનલ માસ્ટર્સ ગેમ્સમાં વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં ૪૦થી વધુ વયના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગરમાંથી પણ મોટી ઉમંરના વિવિધ રમતોના ખેલાડીઓએ આ ગેમ્સમાં ભાગ લીધો હતો. આ ગેમ્સમાં હેન્ડબૉલની ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમમાં ગાંધીનગરની મહેશ્વરી સ્પોર્ટસ ક્લબના મહેશ્વરી ધુમાલ પણ સામેલ હતા. ગુજરાતની ટીમ ફાઈનલમાં કેરળની ટીમને ૯-પના સ્કોરથી હરાવી ગોલ્ડમેડલ જીત્યો હતો. આ સ્પર્ધા તા. ૫ મીથી ૯મી ફેહ્રુઆરી દરમ્યાન યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના વરિષ્ઠ હેન્ડબોલ કોચ શશિમોહન ધુમાલને આ રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં કન્વીનર તરીકે પસંદ કરાયાં હતા.

ટીબીના જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓને ઘરે જઈને ન્યુટ્રિશ્યિન કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા અનેકવિધ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

શહેરમાં તાજેતરમાં જૈન સમાજના શિવમસ્તુ ગૃપ દ્વારા શહેરી વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના ટીબીના દર્દીઓને ન્યુટ્રિશ્યિન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વળી, સંસ્થાના સ્વયંસેવકોએ આ કીટ દર્દીઓને તેમના ઘરે જઈને પુરી પાડી એક પ્રસંશનીય દાખલો બેસાડ્યો છે. આ પ્રસંગે જિલ્લા ક્ષય કેન્દ્રના જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણ તથા મનપાના આરોગ્ય વિભાગના સ્ટાફે હાજરી આપી હતી.

ટીબી રોગને નાથવા અને સમગ્ર શહેર, રાજ્ય સહિત દેશને ટીબીમુક્ત કરવાની દિશામાં સરકાર દ્વારા કમર કસવામાં આવી છે જેમાં નાગરિકો ખાસ કરીને દાતાઓના વિશેષ સહકારની સ્વાભાવિક અપેક્ષા છે. શ્રમજીવી વર્ગના જરૂરિયાતમંદ પરિવારોમાં ટીબીનો રોગ વધુ જોવા મળે છે અને આ દર્દીઓને ન્યુટ્રિશ્યિનની ઉણપ રોગ સામે લડવામાં પાછા પડે છે. ટીબીના દર્દીઓને ન્યુટ્રિશ્યિન મળી રહે તે હેતુથી ગાંધીનગર જૈન સમાજના શિવમસ્તુ ગૃપ દ્વારા શહેરી વિસ્તારના પાંચ દર્દીઓને રૂ. એક હજારના મૂલ્યની ન્યુટ્રિશ્યિન કીટ જેમાં મગ, ચણા, લોટ, ઘી, ચોખા, દાળ, ખજૂર, ચીકી, કચરિયું જેવી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે તેનું દર્દીના ઘરે જઈને વિતરણ કરવામાં આવ્યું હતું. જો કે શહેરમાં હજુ પણ જરૂરિયાતમંદ વર્ગમાં ટીબીના દર્દીઓની સંખ્યા સારી એવી છે જેમને ન્યુટ્રિશ્યિન કીટની નિયમિત જરૂર છે જેથી આ સંસ્થાના કાર્યથી પ્રેરિત થઈને તેને આગળ નિયમિત રીતે ધપાવાય તે આવશ્યક જણાઈ રહ્યું છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાના ડ્રાફ્ટ બજેટની રજુઆત બાદ મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ પત્રકાર પરિષદથી અળગા રહેવા માગતા હતા પરંતુ પત્રકારોના હઠાગ્રહ પછી તેઓ તેમાં હાજર રહ્યા હતા.
- ગાંધીનગર તાલુકાના વાવોલ ગામમાં ૪ થી ૫ કેસ કમળાના દેખાતા તંત્ર દોડતુ થયુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના બજેટમાં સુચવાયેલા કામો પણ હજુ શરૂ નહિ થયાની વાતને લઈ પંચાયતના પ્રમુખશ્રી ભારે ગુસ્સામાં જોવા મળી રહ્યા છે.
- ગાંધીનગર સે. ૧૭ ખાતે આવેલ મધ્યસ્થ ગ્રંથાલયમાં છેલ્લા ઘણા વખતથી વાચકોની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.
- આરોગ્યતંત્ર દ્વારા યોજવામાં આવતા ''ડીવોર્મિંગ ડે''ની ઉજવણી જે આજે થવાની હતી તે અગમ્ય કારણોસર ૧૭ દિવસ પછી અર્થાત ૨૭મી ફેબ્રુઆરીએ કરવાનો નિર્ણય રાજ્યના આરોગ્ય વિભાગે કર્યો છે.
- ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના દીકરા શશીરાજસિંહનો સત્કાર સમારંભ ગાંધીનગર ૧૬મી સર્કીટ હાઉસ ખાતે યોજાશે જેમાં કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિત શાહ સહીત અનેક ટોચના નેતાઓ હાજર રહે તેવી શક્યતા.

અડાલજ પાસે એક યુવકને ત્રણ શખ્સોએ ઢોરમાર માર્યો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક અડાલજ ત્રિ-મંદિર પીકઅપ સ્ટેન્ડ પાસે બે જુથ વચ્ચે મારામારીની ઘટના બની હતી.જયારે પાન-પાર્લર પર તોડફોડનો બનાવ બન્યો હતો. આ મારામારીની ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા હતા. જયારે અડાલજ પોલીસ મથકે ચાર નાગરીકો સામે નામજોગ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના નજીક આવેલા ગોકુળપુરા ખાતે રહેતા ઝીણાભાઈ જોગાભાઈ ભરવાડ ઉં.વ.૩૯ અડાલજ ગાંધીનગર રીક્ષાના ફેરા મારીને તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે.ત્યારે તાજેતરમાં ઝીણાભાઈ રીક્ષામાં મુસાફરો બેસાડીને અડાલજ બપોરના સમયે ગયા હતા. તે સમયે ફરીયાદીના સમાજના બે ભાઈઓ અને ખોડીયાર પાન પાર્લરના માલિક ઝઘડતા હતા. તે સમયે ઝીણાભાઈ કરણ અને જયેશને છોડાવવા માટે વચ્ચે પડતા ખોડીયાર પાન પાર્લર ચલાવતા નવઘણ ઠાકોરે તેના હાથમાં રહેલી લોખંડની પાઈપ મારી હતી. જયારે અન્ય બે યુવકોએ ગડદા-પાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ત્રણેય યુવકો ભાગી ગયા હતા, ઈજાગ્રસ્તને સારવાર માટે પહેલા અડાલજ અને પછી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે ઝીણાભાઈ ભરવાડે ત્રણેય યુવકો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

તો સામે પક્ષે અમરતજી શંકરજી ઠાકોરેતે ઓ રવિવારે રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં પોતાના ચાંમુડા પાન પાર્લર પાસે હતા. તે સમયે બે કારમાં ૧૦ થી વધુ શખ્સો આવ્યા હતા. તેમાંથી એક શખ્સ તેમને નીચે પાડીને ઢસડીને દુર લઈ ગયો હતો.ત્યા કરણ કાભાઈ ભરવાડ અને અન્ય શખ્સો હતા.જેઓએ ભેગા મળીને ફરીયાદીને લાકડીઓ તેમજ ગડદાપાટુનો મારમાર્યો હતો.આ સમયે તેમના મિત્ર વચ્ચે પડતા તેઓને પણ થોડી ઘણી ઈજા પહોંચી હતી.ત્યારબાદ શખ્સો પાર્લરમાં તોડફોડ કરીને ભાગી ગયા હતા.અમરતજીને ગાંધીનગર સિવિલ ખસેડાતા માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા તેમજ પગે ફ્રેકચર હોવાનું સામે આવ્યું હતું. ખોડીયાર પાન પાર્લર પર થયેલી બે જુથ વચ્ચેની મારારમારીની અદાવતમાં હુમલો થયો હોવાની પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. અડાલજ પોલીસે બંને પક્ષે સામસામે મારમારીની ફરીયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

રોટરી કલબે કુટુંબ વ્યવસ્થામાં મહિલા 'શકિત'ના મહત્વનો અહેસાસ કરાવ્યો

ગાંધીનગર, તા.૧૦

ભારતીય સંસ્કૃતિમાં પારિવારિક કુટુંબ વ્યવસ્થા વિશ્વભરમાં પ્રસિધ્ધ છે અને આ કુટુંબ વ્યવસ્થામાં, મહિલાઓની ભૂમિકા કેન્દ્રસ્થાને છે જો કે મહિલાઓને કારણે ટકેલી કુટુંબ વ્યવસ્થા અંગે મહિલાઓ પોતે જ વિશ્વાસ ના કરતી હોય તેવી સ્થિતિ જોવા મળે છે. શહેરની મહિલાઓમાં આત્મવિશ્વાસનો સંચાર થાય અને પોતાના મહત્વને સમજે તે હેતુથી રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા શનિવારે એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેનું નામ હતું 'શકિત'.

શકિત કાર્યક્રમમાં ૨૫૦ જેટલી મહિલાઓને રાજકોટથી કટારલેખક અને કવીઝ માસ્ટર પ્રો. ડૉ. મનીષ રાવલ તથા શહેરના રાષ્ટ્રીયકક્ષાના શિક્ષણવિદ, માર્ગદર્શક અને મોટીવેશનલ બેલડી એવા 'ઉદ્દીપક' તરીકે જાણીતા દિપક તેરૈયા અને ઉમા તેરૈયાએ 'સ્વપ્રેમથી લઈને કુટુંબ વ્યવસ્થામાં બહેનોની ભૂમિકા' વિષયે પોતાના વિચારો અને માર્ગદર્શન પીરસ્યું હતું.

'શકિત કાર્યક્રમ'નું ઉદઘાટન ગાંધીનગર શહેરના મહિલા મેયર રીટાબેન પટેલ, સનદી અધિકારી ડી.એન. પાંડે તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાની ઉપસ્થિતિમાં યોજાયું હતું. સમગ્ર કાર્યક્રમ શહેરના સે-૧૨માં સી.એમ. પટેલ નર્સિંગ કોલેજના હોલ ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં મહિલા શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગુજકેટની પરીક્ષા માટે ૧૫ ફેબ્રુઆરી સુધી લેઈટ ફી સ્વિકારાશે

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૦૨૦ની પરીક્ષા તા. ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ લેવાશે. જે અંતર્ગત પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ **www.gseb.org** તથા **gujcet.gseb.org** પરથી ઓનલાઈન ભરવાની અંતિમ તારીખ તા. ૧૦ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી હતી જે હવે પછીથી રૂ. ૧૦૦૦ લેઈટ ફી સાથે તા. ૧૫ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે. ગુજકેટની પરીક્ષા ફી રૂ. ૩૦૦ + રૂ.૧૦૦૦ લેઈટ ફી મળી કુલ રૂ. ૧૩૦૦ એસ.બી.આઈ. ઈ-પે સિસ્ટમ મારફતે ઓનલાઈન ક્રેડિટ/ડેબીટ કાર્ડ કે નેટબેંકિંગ દ્વારા અથવા એસબીઆઈ ઈ-પેના એસબીઆઈ બ્રાંચ પેમેન્ટ ઓપ્શન દ્વારા દેશની કોઈ પણ એસબીઆઈ બ્રાન્ચમાં ભરી શકાશે તેમ પરીક્ષા નાયબ નિયામક જે.જી. પંડયા દ્વારા જણાવાયું છે.

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED
Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028 CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : cs@kalpatarupower.com

Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months Ended December 31, 2019

(₹ in Crores)

Sr. No.	Particulars	Standalone					Consolidated				
		Quarter Ended		Nine Month Ended		Year Ended (Audited)	Quarter Ended		Nine Month Ended		Year Ended (Audited)
		December 31, 2019	December 31, 2018	December 31, 2019	December 31, 2018	March 31, 2019	December 31, 2019	December 31, 2018	December 31, 2019	December 31, 2018	March 31, 2019
1	Total Income from Operations	1,979	1,725	5,601	4,624	7,115	3,162	2,747	9,149	7,316	10,840
2	Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items)	154	142	457	406	624	175	174	556	492	761
3	Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items)	178	142	481	406	624	172	174	553	492	761
4	Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items)	137	92	356	265	401	133	114	377	321	487
5	Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax)	139	96	344	260	421	146	115	369	322	513
6	Equity Share Capital (Face Value of ₹ 2 each)	31	31	31	31	31	31	31	31	31	31
7	Other Equity (excluding Revaluation Reserve)					3,121					3,089
8	Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations)										
	a) Basic	8.85	6.00	23.10	17.23	26.15	8.21	7.10	23.29	20.14	30.42
	b) Diluted	8.85	6.00	23.10	17.23	26.15	8.21	7.10	23.29	20.14	30.42

Notes :
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The Group has adopted Ind AS 116 "Leases" with effect from April 1, 2019, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 116, has been adjusted in opening retained earnings on the date of application i.e. April 1, 2019, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter and nine months ended December 31, 2019 is also not material.
3 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 10, 2020. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.
4 On November 20, 2019, the Company has completed the sale of its entire stake in Kalpataru Satpura Transco Private Limited (KSTPL). Consequently, KSTPL ceases to be a subsidiary of the Company effective from the same date.
5 The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors
Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

Place : Mumbai
Date : February 10, 2020

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpataru power.com quoting your name and folio number.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૯-૨૦

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગાંધીનગરની વડી કચેરી દ્વારા નીચે જણાવેલકામો માટે સીલબંધ કવરમાં સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ / કુરિયરથી ભાવો મંગાવવામાં આવે છે.

અનુ. નં.	કામની વિગત	ભાવપત્રક ફી અંદાજીત રકમ	ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ	સ્વીકારવાની છેલ્લી તારીખ	ભાવપત્રક ખોલવાની તારીખ
૧	વાર્ષિક અહેવાલ-છાપકામ ડીઝાઈન તથા બાઈન્ડીંગ કામ અંગેના ભાવો મોકલવા બાબત	રૂ. ૨૫૦/- રૂ. ૨,૫૦,૦૦૦/-	૨૪/૨/૨૦૨૦	૨/૩/૨૦૨૦	૪/૩/૨૦૨૦

નોંધ : કોરા ભાવપત્રક ફોર્મ મુખ્ય જનરલ મેનેજર (વહીવટ) સરદાર સરોવર નર્મગા નિગમ લિમિટેડ, રૂમ નં. ૪૧૮, ચોથો માળ, બ્લોક-૧૨, સચિવાલય, ગાંધીનગર. વહીવટ શાખામાંથી અરજી સાથે ભાવપત્રક ફી રોકડથી ભરપાઈ કર્યા બાદ ઈસ્યુ કરવામાં આવશે. ભાવપત્રક અંગે વધુ વિગત માટે ફોન ૨૩૨૫૨૩૮૭ પર સંપર્ક કરવાનો રહેશે.
વેબસાઈટ : www.sardarsarovardam.org
માહિતી/૨૨૬૭/૧૯/૨૦
મુખ્ય જનરલ મેનેજર (વહીવટ)
સચિવાલય, ગાંધીનગર

ધાનેરા નગરપાલિકા
ઓનલાઈન ટેન્ડર
જાહેર નિવિદા - ૨૦૨૦

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકા વિસ્તારમાં આવેલ ગાર્ડન મરામત અને નિભાવણી અંગેની કામગીરી, પાણી પુરવઠા શાખા મરામત કામગીરી, એમ્બ્યુલન્સવાન ખરીદ કરવા અંગેનું કામ, વાહન ભાડે રાખવા અંગેના કામ માટેના ભાવો માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૧૩/૨/૨૦૨૦ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

અનુ.નં.	વિગત	તારીખ
૧	ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ	તા. ૧૩/૨/૨૦૨૦ થી તા. ૨૪/૨/૨૦૨૦ ના રોજ ૧૮/૦૦ કલાક સુધી
૨	ટેન્ડર ઓનલાઈન સબમિશન	તા. ૨૪/૨/૨૦૨૦ના રોજ ૧૮/૦૦ કલાક સુધી
૩	ટેન્ડર ફી, ઈમડી (બાના મુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફીસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ	તા. ૨૭/૨/૨૦૨૦ સાંજે ૫/૦૦ વાગ્યા સુધી
૪.	ટેન્ડર ઓપનીંગ	તા. ૨૮/૨/૨૦૨૦ (સંભવિત)

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

એસ.એમ. અન્સારી, મુખ્ય અધિકારી, નગરપાલિકા ધાનેરા
ઉગમબેન એમ. રાજપૂત, ચેરમેન, પાણી-પુરવઠા સમિતિ
વસંતીબેન વી. ગલચર, ઉપપ્રમુખ, નગરપાલિકા ધાનેરા
યુસુફખાન એમ. બેલીમ, પ્રમુખ, નગરપાલિકા ધાનેરા